જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૧૨/૨૦૨૪ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૨૬૬ લીટર દેશી દારૂ, ૧૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૦૯/૨૦૨૪

**બાપુનગરઃ** રમિલાબહેન વા/ઓ રમણભાઇ (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન ઓક્સીજન પાર્કની બાજુમાં બાપુનગર) એ તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૪ સવાર ૯/૦૦ થી તા.૨૭/૧૨/૨૦૨૪ સવારના ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮૫,૧૦૦/- અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૧૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.અમીન ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૦/૨૦૨૪**

**સાબરમતીઃ** શૈફાલીબહેન વા/ઓ વિનોદભાઇ (ઉ.વ.૪૦) (રહે. બાલાજી ફ્લેટ અર્બુદગીરી સોસાયટી સામે સાબરમતી) તા.૨૭/૧૨/૨૦૨૪ બપોર ના ૧/૧૫ વાગ્યાના સુમારે સાબરમતી રામનગર શાક માર્કેટમા શાકભાજી ખરીદતા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ શૈફાલીબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર પેડલ સહિત કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શૈફાલીબહેને સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૧/૨૦૨૪**

**ખોખરાઃ** પુષ્પાબહેન વા/ઓ ઋષભકુમાર જૈન (ઉ.વ.૫૮) (રહે. પારસનાથનગર-૨ હાટકેશ્વર) તા.૨૨/૧૨/૨૦૨૪ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૨/૨૦૨૪ કલાક ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી ગૌરીબહેન દેવજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૨/૨૦૨૪**

**સેટેલાઈટઃ** કનુભાઈ ઉર્ફે દિનેશ હિરાભાઈ મકવાણા (ઉ.વ.૪૩) (રહે. રાજીવનગર વિભાગ-૪ યમુના એપાર્ટમેન્ટ પાસે સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૪ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઈટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદકુમાર માધવજી ચલાવે છે.

**વેજલપુરઃ** અંકુર સ/ઓ વિનુભાઇ ધોલારીયા (ઉ.વ.૨૭) (રહે. સરસ્વતિનગર સોસાયટી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૪ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે વેજલપુર જીવરાજ પાર્ક સોસાયટી નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૨/૨૦૨૪ કલાક ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

**નરોડાઃ** મેહુલકુમાર રમેશચંદ્ર પરમાર (ઉ.વ.૩૧) (રહે. ગોપીનાથ પાર્ક સોસાયટી સીટી સેન્ટર પાછળ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૪ કલાક ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશસિહ પ્રતાપસિહ ચલાવે છે.

**ઓઢવઃ** શિવકિરણસિંહ કોમલસિહ રાજપુત (ઉ.વ.૨૫) (રહે. નાગજીભાઈ રબારીની ચાલી ગૂરૂકૃપા સોસાયટીની બાજુમાં ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૨/૨૦૨૪ કલાક ૩/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

**નારોલઃ** નારોલ શાહવાડી જ્યોતિનગર પાસે ગંગાનગર ખાતે રહેતા સુભાષપ્રસાદ ખરવાલ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૪ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી